જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૬/૦૧/૨૦૨૨ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં

આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૯૯/૨૦૨૨

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૫/૦૧/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૩૮	૦	૧૧૭૩૮	૧૭૮૪૮	૦	૧૭૮૪૮
૨	કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૨૭	૦	૧૨૭	૩૯૯	૦	૩૯૯
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૭૮૭૬૨	૧૦૪	૭૮૮૬૬	૭૯૮૦૭	૧૧૧	૭૯૯૧૮
કુલ		૯૫૩૬૦	૧૦૪	૯૫૪૬૪	૧૦૪૩૩૬	૧૧૧	૧૦૪૪૪૭

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૩૧	૬૩,૮૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૫૩૭	૫,૩૭,૦૦૦/-

ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

પાલડી પોલીસ સ્ટેશન

ઇકોમ એકસપ્રેસ લીમેટેડ કંપનીના ડીલીવરી બોયના ડીલવરી કરવા માટેના પાર્સલની ચોરી કરતા ઇસમોને પકડી પાડતી પાલડી પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર નાઓના હુકમથી તથા મે. સંયુક્ત પોલીસ કમિશ્નર સેક્ટર-૧ સાહેબશ્રી તથા નાયબ પો.કમિ.શ્રી ઝોન-૭ તથા મદદનીશ પોલીસ કમીશ્નરશ્રી એન ડીવીઝન નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટેશન વિસ્તારમા મિલ્કત સંબધી ગુનાઓ અટકાવવા તથા શોધવા કરેલ હુકમ આધારે પાલડી પોલીસ સ્ટેશન પો.ઇન્સ. શ્રીમતી રિદ્ધિ દવે સાહેબ નાઓના સુપરવિઝન હેથળ પાલડી પોલીસ સ્ટેશન સર્વેલન્સ સ્કોડ પો.સ.ઇ.શ્રી જે.જે.હળવદીયા નાઓ પો.સ્ટે વિસ્તારમા બનતા મિલ્કત સંબધી ગુનાઓ શોધી કાઢવા તેમજ બનતા અટકાવવા સર્વેલન્સ સ્કોડના કર્મચારીઓને સુચના કરી પો.સ્ટે. વિસ્તારમા પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન અનાર્મ પો.કોન્સ જયમીનભાઇ મહેશભાઇ બ.નં-૬૭૩૫ તથા અનાર્મ પો.કોન્સ. ધર્મેન્દ્રભાઇ મોહનભાઇ બ.નં.૧૧૮૪૪ નાઓને સયુંક્ત રીતે ચોક્કસ બાતમી હકીકત મળેલ કે પાલડી પોલીસ સ્ટેશન પાર્ટ-એ ગુ.ર.નં-૧૧૧૯૧૦૧૬૨૧૨૨૦૦૬૩/૨૦૨૨ ધી ઈપીકો કલમ ૩૭૯ મુજબનો ગુનો આચરનાર આરોપીઓ પાલડી ધરણીધર બ્રીજ નિચે શ્રેયાસ ક્રોસિંગ પાસે થી પસાર થનાર હોય જે બાતમી હકિકત આધારે તા.૧૪/૦૧/૨૦૨૨ રાત્રીના સમય દરમ્યાન શ્રેયાસ ક્રોસિંગ ખાતે સર્વેલન્સ સ્કોડના માણસો સાથે વોચ તપાસમા હતા તે દરમ્યાન કલાક.૦૧/૨૫ વાગ્યાના અરશામા બાતમી હકિકત વાળા ઇસમો મો.સા પર આવતા મો.સા કોર્ડન કરી રોકાવી લઇ આરોપી નં.(૧) વિપુલ ભીમજીભાઇ આહીર ઉ.વ.૨૧ ધંધો-નોકરી રહે.જીવરાજપાર્ક સોસાયટીમાં સીક્યુરીટીની ઓરડીમાં, પાણીની ટાંકી નીચે જીવરાજ પાર્ક અમદાવાદ શહેર તથા આરોપી નં.(૨) હર્ષ ડુંગરશીભાઇ ગોરવાડીયા ઉ.વ.-૨૨ રહે,.મ.નં-૩૭,/૧ જીવરાજપાર્ક સોસાયટી જીવરાજ પાર્ક વેજલપુર રોડ, વેજલપુર અમદાવાદ શહેર નાઓને ઉપરોક્ત ગુનાના કામે વપરાયેલ મો.સા જેની કિ.રૂ.૨૦,૦૦૦/- ગણી શકાય તેની સાથે મોબાઇલ મળી કુલ્લે રૂપિયા.૨૧,૫૦૦/- ના મુદ્દામાલ સાથે ઉપરોક્ત ગુનાના કામે પકડી અટક કરી બન્ને ઇસમો વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે સદર ગુનાની આગળની તપાસ સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇ શ્રી જે.જે.હળવદીયા સાહેબ નાઓ કરે છે તા.૧૪/૦૧/૨૦૨૨

કામગીરી કરનાર ટીમ:-

પો.સ.ઇ.શ્રી જે.જે.હળવદીયા સર્વેલન્સ સ્કોડ તથા અ.હે.કો જગદીશકુમાર કાંતીલાલ બ.નં-૪૭૮૮ તથા મયુરસિંહ પ્રવિણસિંહ બ.નં-૫૦૦૬ તથા અ.પો.કો. ધર્મેન્દ્રભાઇ મોહનભાઇ જાદવ બ.નં.૧૧૮૪૪ તથા પો.કોન્સ જયમીનભાઇ મહેશભાઇ બ.નં-૬૭૩૫ તથા અ.પો.કો. મહમંદ જાવેદ નુરમહમંદ બ.નં.૧૧૮૪૫ તથા અ.પો.કો. સહદેવસિંહ દિપસંગભાઇ બ.નં.૭૧૫૪ તથા અ.પો.કો. સુભાષ પ્રભુભાઇ બ.નં.૬૫૪૦ તથા અનાર્મ લોકરક્ષક વિક્રમકુમાર લક્ષ્મણભાઇ બ.નં-૧૧૨૮૫



જાહેરનામા ભંગના ગુનાના આરોપીની અટકાયતની વિગત

મેઘાણીનગર પોલીસ સ્ટેશન

મે. પોલીસ કમિશ્નર શ્રીના હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરી પોતાના કબ્જામા એક તીક્ષ્ણ ધારદાર ખંજર લઇ જાહેરમા ફરતા ઇસમને શોધી પકડી પાડતી મેઘાણીનગર પોલીસ

ઉતરાયણના તહેવાર અનુસંધાને મેઘાણીનગર પોલીસ સ્ટેશન પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી જે.એલ.ચૌહાણ સા.ની સુચના આધારે પોલીસ સ્ટેશન વિસ્તારમા કાયદો અને વ્યવસ્થાની જાળવણી સારૂ આજરોજ સર્વેલન્સ સ્કવોડના પો.સબ ઇન્સ. વી.એ.હરકટ તથા સર્વેલન્સ સ્કોડના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા હતા. દરમ્યાન મેઘાણીનગર કુંભાજીની ચાલી હનુમાનનગર ખુલ્લા મેદાનમા જાહેરમા એક ઇસમ પોલીસ સ્ટાફના માણસોને જોઇ દોડીને ભાગવા જતા જે શકમંદ હાલતમા જણાતા સ્ટાફના માણસોએ પીછો કરી સદરી ઇસમને પકડી સદરીની પંચો રૂબરૂ ઝડતી તપાસ કરતા સદરીના વાદળી કાળા કલરના જીન્સ પેન્ટના કમરના ભાગેથી પોપટી તથા કાળા કલરના પ્લાસ્ટીકના હાથાવાળુ ધાતુના ફળવાળુ ખંજર(છરો) મળી આવેલ જે ખંજર એક બાજુ ધારદાર તથા અણીવાળુ છે. જે સાથે પકડી પાડેલ હોય અને સદરી પાસે ચપ્પુ રાખવા બાબતે કોઇ પાસપરમીટ ન હોય જેથી સદરી ઇસમે મે.પોલીસ કમીશ્નર સા.શ્રી અમદાવાદ શહેર નાઓના જાહેરનામા ક્રમાંક વિ.શા./હથિયારબંધી-જાહેરનામુ/એ-સેકશન/પરમીટ/૪/૨૦૨૨ તા.૧૧/૦૧/૨૦૨૨ નો ભંગ કરી મળી આવેલ હોય તો સદરી વિરૂધ્ધમા મેઘાણીનગર પોલીસ સ્ટેશન પાર્ટ.બી.ગુ.ર.નં-૧૧૧૯૧૦૩૩૨૨૦૦૩૮/૨૦૨૨ જી.પી.એક્ટ કલમ-૧૩૫(૧) મુજબ કાયદેસર કાર્યવાહી કરેલ.

આરોપીનુ નામ સરનામુ

મનિષ ઉર્ફે સાહિલ ઉર્ફે ટલ્લો રાકેશભાઇ રાજપુત ઉવ-૨૦ (જન્મ તા:-૦૮/૦૫/૨૦૦૧) રહેવાસી-ઓમપ્રકાશની લાઇન કુંભાજીની ચાલી મેમ્કો બ્રીજની નીચે રામેશ્વર મેઘાણીનગર અમદાવાદ શહેર

કબ્જે કરેલ મુદ્દામાલ:-

(૧) એક પોપટી તથા કાળા કલરના પ્લાસ્ટીકના હાથાવાળુ ધાતુના ફળવાળુ ધારદાર ખંજર(છરો) કિ.રૂ.૦૦/૦૦.

કામગીરી કરનાર અધિકારીશ્રી/કર્મચારી

(૧) પો.સબ ઇન્સ. વી.એ.હરકટ (૨) એ.એસ.આઇ સાગરભાઇ ખુમાભાઇ બ.નં.૫૨૦૦ (૩) અનાર્મ પો.કો. નિરજસિંહ ચંદ્રમાસિંહ બ.નં.૫૦૬૩ (૪) અનાર્મ પો.કો. ભદ્રેશસિંહ બાબુભાઇ બ.નં.૩૧૬૦ (૫) અનાર્મ પો.કો. સુરપાલસિંહ અમરસિંહ બ.નં.૮૭૨૩ (૬) અનાર્મ લોકરક્ષક જતીનભાઇ દિનેશભાઇ બ.નં.૧૨૭૯૮ (૭) અનાર્મ લોકરક્ષક પાર્થ ધર્મેન્દ્રકુમાર બ.નં.૧૧૬૪૮ (૮) અનાર્મ લોકરક્ષક રિતેશ નંદલાલ બ.નં.૧૧૬૪૫




પાસા અટકાયતની વિગત

નારોલ પોલીસ સ્ટેશન

ગૌ-વંશ માંસની હેરાફેરી જેવી અસામાજીક પ્રવૃત્તિ સાથે સંકળાયેલ ઇસમને પાસા અટકાયતી હેઠળ ખાસ જેલ પાલાર ભુજ જેલ ખાતે મોકલતી નારોલ પોલીસ

મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર સાહેબની સુચના તેમજ અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર – ૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "કે" ડીવીજન અમદાવાદ શહેર નાઓએ અમદાવાદ શહેર વિસ્તારમાં ગૌવંશ માંસની અસામાજીક પ્રવૃત્તિ નેસ્ત નાબુદ કરવા સારૂ જરૂરી સુચના તથા માર્ગદર્શન આધારે પો. ઇન્સશ્રી એસ.એ.ગોહિલ નાઓએ નારોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવી પ્રવૃત્તિ કરતા ઇસમો વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા સુચના કરેલ હોય જે આધારે અમદાવાદ શહેર ના અલગ અલગ પોલીસ સ્ટેશન વિસ્તારમાં દાખલ થયેલ ગુનાઓ જેમાં (૧) દાણીલીમડા પો.સ્ટે ગુ.ર.નં. ૧૧૧૯૧૦૧૨૨૧૧૩૧૪/૨૦૨૧ ધી ગુજરાત પશુ સંરક્ષણ સુધારા અધિનીયમ ૨૦૧૭ ની પશુ કલમ ૫, ૬, , ૭, ૮ તથા બીપી.એમ.સી એકટની કલમ ૩૩૫,૩૯૨ મુજબ તથા (૨) નારોલ પો.સ્ટે ગુ.ર.નં. ૧૧૧૯૧૦૬૫૨૨૧૧૬૯૮/૨૦૨૧ ધી પશુ સંરક્ષણ ધારા કલમ ૭ તથા પ્રાણીઓની સાચવણી અંગેનો અધિનીયમ પી/એ/એ ની કલમ ૫,૬,૮,૧૦ તથા પશુઓ પ્રત્યે ક્રુરતા પ્રતિબંધ અધિનીયમની કલમ ૧૧(૧)(ઇ),૧૧(૧)(એફ),૧૧(૧)(ડી) મુજબના ગુનાઓના કામના આરોપી યાસીન ઉર્ફે ટીટી ઉર્ફે સીટર ઇબ્રાહીમભાઇ જાતે કુરેશી ઉ.વ.૨૭ રહે.ફરાદ કિરાણા સ્ટોર્સની સામે રહેમતી મહલ્લો અલ્લાહનગર દાણીલીમડા અમદાવાદ શહેર નાઓની વિરૂદ્ધમાં પશુસંરક્ષણ કાયદા હેઠળ દાખલ થયેલ ગુનાઓ ધ્યાને લઇ તેઓની અસામાજીક પ્રવૃત્તિ સબબ તેમના વિરૂદ્ધ પાસા દરખાસ્ત ભરી મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર સમક્ષ મોકલી આપતા ઉપરોક્ત આરોપી વિરૂદ્ધ પોલીસ કમિશ્નરશ્રીની કચેરીના ક્રમાંક : પીસીબી/ડીટીએન/પાસા/૫૧/૨૦૨૧ તા.૧૫/૦૧/૨૦૨૨ થી આરોપી વિરૂદ્ધ પાસા અટકાયતી હુકમ કરવામાં આવેલ હોય જે હુકમ આધારે સદરી આરોપીને તાત્કાલિક પાસા કાયદા અન્વયે પાસા હુકમની બજવણી કરી આજરોજ ખાસ જેલ પાલારા ભુજ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ જે નારોલ પોલીસ સ્ટેશનની પોલીસ દ્વારા સરાહનીય કામગીરી કરવામાં આવેલ છે.

સારી કામગીરી કરનાર અધિકારી / કર્મચારીઓ :-

એસ.એ.ગોહિલ પોલીસ ઇન્સપેક્ટર નારોલ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર અ.પો.કો. સહદેવસિંહ નટવરસિંહ બ.નં.૬૨૮૪ તથા અ.પો.કો. રામનરેશ રામદાસ બ.નં. ૫૩૪૪ તથા અ.લો.૨. મુકેશભાઇ બાલુભાઇ બ.નં. ૧૨૧૭૧



નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૦૦/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૨ કેસ કરી, ૨૨ વ્યક્તિઓને ઝડપી, ૮૪ લીટર દેશી દારૂ, ૮૨૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૦૬૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૨ બિયર ટીન, ૧ ટ્રક, અને ૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૨૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૮૨,૪૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૦૧/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૨૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ હેઠળ ૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ચોરીઃ- **સમાચાર યાદી નં.૧૦૨/૨૦૨૨**

વાસણાઃ શાંતુબહેન વા/ઓ વિનોદભાઇ ચાવડા (રહે. ગલી નંબર-૩ ચામુંડાનગર જીવરાજ મહેતા હોસ્પિટલ સામે જીવરાજ પાર્ક) એ વાસણા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૦૧/૨૦૨૨ બપોરના ૪/૦૦ થી સાંજના ૬/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી તીજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૧૭,૦૦૦/- મળી કુલ રૂપિયા ૪,૬૨,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.એચ.જાડેજા ચલાવે છે.

લુંટઃ- **સમાચાર યાદી નં.૧૦૩/૨૦૨૨**

નારણપુરાઃ ચેતનભાઇ જયંતિલાલ ધાબલીયા (ઉ.વ.૬૦) (રહે. રતિલાલ પાર્ક સોસાયટી દેવકીનંદન દેરાસર સામે દર્પણ છ રસ્તા નારણપુરા) તા.૧૪/૦૧/૨૦૨૨ બપોરના ૪/૪૫ વાગ્યાના સુમારે નારણપુરા ટર્ફ સ્કુલ તથા શાંતિનિકેતન સ્કુલ વચ્ચેથી એકટીવા ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક કાળા રંગના એકટીવા ઉપર આવેલ ત્રણ પુરૂષોએ ચેતનભાઈ ધાબલીયાના એકટીવાને પાછળથી અથડાવી ચેતનભાઈ ધાબલીયાને ઉભા રાખી અમારા એકટીવાને નુકસાન થયેલ છે તેમ જણાવી ચેતનભાઈ ધાબલીયા સાથે બોલાચાલી કરી ઝપાઝપી કરી તેઓની પાસેના કોઇ ધારદાર વસ્તુ વડે ચેતનભાઈ ધાબલીયાને ઈજાઓ કરી ચેતનભાઈ ધાબલીયાના શર્ટના ખિસામાંથી રોકડ રૂપિયા ૭,૧૦૦/- કાઢી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ ચેતનભાઇ ધાબલીયાએ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.કે.જાડેજા ચલાવે છે.

પતંગ ચગાવતા ધાબા ઉપરથી પડી જતા મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૧૦૪/૨૦૨૨**

બાપુનગરઃ નીરજ ઉર્ફે નીશું સ/ઓ રમેશભાઇ ઠાકોર (રહે. ખાડાવાળી ચાલી રંગશાળા કંપાઉન્ડ બાપુનગર) તા.૧૪/૦૧/૨૦૨૨ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે રહેણાંક નજીક તિરૂપતિ એસ્ટેટના ધાબા ઉપર પતંગ ચગાવતા હતા ત્યારે ધાબા ઉપરથી નીચે પડી જતા ગંભીર ઇજાઓ થતા સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન રાતના ૧૦/૫૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.બી.કુંપાવત ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૧૦૫/૨૦૨૨**

એલીસબ્રીજઃ લાલજીભાઇ ખેંગારભાઇ સારેસા (ઉ.વ.૫૫) (રહે. ડી.આંબેટકર કોલોની આંબાવાડી) એ બીમારીથી કંટાળી તા.૧૦/૦૧/૨૦૨૨ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૫/૦૧/૨૦૨૨ સવારના ૯/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી રણજીતસિંહ મોહનસિંહ ચલાવે છે.

શાહીબાગઃ કૌશિક જયંતીભાઇ ભીલ (ઉ.વ.૨૨) (રહે. ડી/૧૭ ગવર્મેન્ટ ક્વાટર્સ સિવિલ હોસ્પિટલ પાછળ અસારવા) એ અગમ્ય કારણસર તા.૧૪/૦૧/૨૦૨૨ સાંજના ૬/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે લાકડાની વળી સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે શાહીબાગ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી બૈરાજબહેન નરવતસિંહ ચલાવે છે.

કૃષ્ણનગરઃ ઇન્દ્રસિંહ રતનસિંહ વાઘેલા (ઉ.વ.૨૦) (રહે. બ્લોક નંબર ૧૧/૩૩૨ ઔડાના મકાન ચિત્રકૂટ આવાસ યોજના મનોહરવિલા ચાર રસ્તા પાસે) એ અગમ્ય કારણસર તા.૧૪/૦૧/૨૦૨૨ રાતના ૧૦/૧૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ગુલાબસિંહ દાનસિંહ ચલાવે છે.

નારોલઃ પ્રેમિલાબહેન વા/ઓ પ્રભુભાઇ પ્રજાપતી (ઉ.વ.૫૦) (રહે. પ્રેરણા સોસાયટી પારસનગર) એ બીમારીથી કંટાળી તા.૧૫/૦૧/૨૦૨૨ બપોરના ૧૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એ.કુલધરા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.